સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સરકારી સભામાં હાજરીનાં વગાડો નગારાં !
'સર્વે' સેવામાં ઘેરઘેર જઈ વગાડો નગારાં !
વગાડો નગારાં મફતમાં સરકારી માંડવે -
ચડે ચીડ છતાં ઉડાડો તીડ, વગાડો નગારાં !!
(શિક્ષકોને તીડ ઉડાડવા માટે થયો આદેશ)

હાઈકુ

ચઢાવો થૂળી,
જાડા નરને જોઈ -
છે ગંડુ રાજ!

શિક્ષકધણ
સ્વભાવે ગાય જેવાં -
દોરે ત્યાં જાય !!

ચિંતન

ભૂમિરાપોન લો વાયુરાત્મા વ્યોમ રવિઃ શશિ ।
ઈત્યષ્ટૌ સર્વલોકાનાં પ્રત્યક્ષ હરમૂર્તય ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ઘણા નાસ્તિકો ઈશ્વરમાં પ્રત્યક્ષ દર્શનની વાત કરી પોતાને 'સાચા' ઠરાવવા પ્રયત્ન કરતા હોય છે તેમને આ શ્લોકમાં જવાબ અપાયો છે.

'પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આત્મા, આકાશ, સૂર્ય, ચંદ્ર આ આઠ તત્ત્વો ઈશ્વરીય છે અને જગતના લોકો માટે પ્રત્યક્ષ ભગવાનના સ્વરુપ જ છે.'

પૃથ્વી-જળ અગ્નિ વગેરે કુદરતી પ્રગટ થયા છે. એ તત્ત્વો લેબોરેટરીમાં, કારખાનામાં ખેતરોમાં પાકતાં નથી. ઈશ્વરની કૃપા વિના આ તત્ત્વો મળતાં નથી. એના દર્શન દુર્લભ થતાં માનવી બેચેન બીમાર થઈ મરવા લાગે છે. 'આત્મા' આપણમાં જ છે છતાં ઈશ્વર અનુભૂતિ છે. છતાં ઈશ્વર જેવો અદૃશ્ય છે તે મહિમ્નસ્તોત્રમાં પણ કહેવાયું છે.

ત્વમઅર્કસ્ત્વં સોમસ્તવમસિ પવનસ્ત્વં હતવહઃ ।
ત્વમા પરત્વં વ્યોમસ્વમુ ધરણિરાત્મા ત્યમિતિ ચ ॥

સુવિચાર

- કેવળ ધર્મજનિત સુખ જ વાસ્તવિક સુખ છે, બાકીનાં બીજાં બધાં તો પીડા અને લજ્જા માત્ર છે - **ધર્મનો મહિમા**
- પુત્ર પ્રત્યે પિતાનું કર્તવ્ય આ જ છે કે તે પુત્રને સભામાં પ્રથમ પંક્તિમાં બેસવાને યોગ્ય બનાવે - **એસ. ભટ્ટાચાર્ય**
- કૃતજ્ઞતાની સીમા પર કરેલો ઉપકાર અવલંબિત નથી, તેનું મૂલ્ય ઉપકૃત વ્યક્તિની સમજજતા પર નિર્ભર છે - **અખંડ આનંદ**
- દુર્જનની વાણીમાં આગ હોય છે, ડંખ હોય છે અને કાંટો હોય છે. જયારે સજ્જનની વાણીમાં બરફ હોય છે, નમ્રતા હોય છે અને પુષ્પ હોય છે - **આચાર્ય વિજયરત્નસુંદર સૂરિ**
- એ પુરુષને ધિક્કાર છે કે જેનો ક્રોધ અને અનુગ્રહ પોતાની શક્તિ અનુસાર નથી - **રોહિત શાહ**
- લીંબુનું નામ લેતાં જ એના ગુણધર્મ યાદ આવી જાય છે ને? એક કામ કરીએ. આપણું નામ લેતાં જ 'સહાય લે અને સહાય કરે' એ ગુણધર્મ યાદ આવી જાય એવું આપણે કરીએ - **આનંદ સ્વરુપદાસજી**
- આજનું ઔષધ : ગાયના દૂધમાં ગાયનું ઘી નવશેકું પીવાથી આધાશીશી અને માથાનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક પરોપકારી યુવાને સમાજ સેવાનું વ્રત લીધું. તેની સાથે મિત્રો પણ સેવાકાર્યમાં જોડાયા. આદિવાસીના વિસ્તારમાં જઈ મેડિકલ કેમ્પનું આયોજન કર્યું. ગરીબ આદિવાસી બાળકોને ચોકલેટ આપી. દર્દીઓને નિદાન અને દવાઓ પણ આપી. ખૂબ સુંદર રીતે કાર્યક્રમ પૂરો થયો. સૌ ખૂબ રાજી થયા. ઘણા આશીર્વાદ પણ મળ્યા. આ કાર્યક્રમ દરમિયાન આદિવાસી સંસ્થાના અધિકારીઓએ ઘણા ફોટા પાડ્યા. એ ફોટાનું સરસ આલ્બમ બનાવી પેલા યુવાનને ભેટમાં આપવા રૂબરૂ આવ્યા. યુવાને આવનારા મહેમાનનું માન સચવાય તે હેતુથી ફોટા જોયા. અને કહ્યું, 'આપ આ ફોટા લઈ જાઓ મારે એની જરૂર નથી.' આગેવાનોએ આગ્રહ કરતાં કહ્યું, 'આ આલ્બમ અમે ખાસ આપના માટે બનાવડાવ્યું છે અને આની એક જુદી કોપી અમારી પાસે છે.' યુવાને કહ્યું, 'ભાઈ,મારા ગુરુની આજ્ઞા છે કે સારા કાર્યો કરવા અને ત્યાંથી બધું ભૂલીને આગળ નીકળી જવું. અને હું એમ કરવાનો જ છું. માટે આ આલ્બમ આપ લઈ જાઓ.' આગેવાને યુવાનને પૂછ્યું, 'આપ યુવાન વયે સમાજની ઉત્તમ સેવા કરો છો તેમ છતાં તમારા કાર્યને છાપામાં છપાવતાં નથી ? કે મોર્ડન જમાના પ્રમાણે સોશિયલ મીડિયા પર કંઈ મૂકવામાં માનતા નથી.' યુવાને કહ્યું, 'હું માનું છું કે આ સારું કામ છે, અને જો તમે કરી શકવા માટે સક્ષમ હોવ તો ઈશ્વર કૃપા છે અને તેમ માત્ર ભગવાનનું કામ કરનારા નિમિત્ત માત્ર છો. ભૂખ્યાને ભોજન આપી અને તેને ફોટો પાડી સોશિયલ મીડિયામાં શેર કરવો એ તો ભૂક્યા જણને નહીં પણ આપણા અહમ્‌ને જમાડવા બરાબર છે અને આપણા અહ્‌મનું પેટ કદી ભરાયું નથી. આથી હું આવી પબ્લીસીટીથી દૂર રહું છું.' અધિકારીઓને યુવાનની સમજને વંદન કર્યા.

સુશાસનમાં ગુજરાત પાછળ પડ્યું

તંત્રીસ્થાનેથી...

દેશભરમાં ગુજરાતનું વિકાસ અને સુશાસન મોડલ લાગુ કરવાની કોશિશ કરતા શાસક પક્ષ અને કેન્દ્ર સરકાર માટે ગુજરાત દેશનાં અન્ય રાજયોની સરખામણીએ છેક છઠ્ઠા ક્રમે રહે તે જરૂર ચિંતાની બાબત હોવી જોઈએ. કેન્દ્ર સરકારે જ જાહેર કરેલા સુશાસન રેન્કિંગમાં તમિળનાડુ જેવું દક્ષિણનું રાજય પ્રથમ ક્રમે અને મહારાષ્ટ્ર બીજા ક્રમે છે. કર્ણાટક ત્રીજા ક્રમે છે, છત્તીસગઢ ચોથા ક્રમે આંધ્ર પાંચમાં ક્રમે અને ગુજરાત છઠ્ઠા ક્રમે આવે છે. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પુડુચેરી સુશાસનમાં પ્રથમ ક્રમે આવે છે. આવો અર્થ એ થાય કે ભાજપની રાજય સરકારો પૈકી માત્ર કર્ણાટક ચોથા ક્રમે છે. ગુજરાતની છાપ જનસાધારણમાં સુશાસિત રાજયની છે. પરંતુ સુશાસન દિવસે કેન્દ્રમાં પર્સોનલ વિભાગે જાહેર કરેલ સુશાસન ક્રમમાં એ તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક,છત્તીસગઢ અને આંધ્ર કરતાં પાછળ મૂકાયું છે. આ પરિસ્થિતિ ગુજરાતના શાસકો માટે પણ શોચનીય જ ગણાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુજરાત સુશાન અને વિકાસનું રાષ્ટ્રીય રોલ મોડલ સ્ટેટ ગણાતું હતું તે નહીં ભૂલવું જોઈએ. કોંગ્રેસે ગુજરાત મોડલની હરહંમેશ ટીકા કરી છે અને એના હસ્તકનું પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશોમાં સુશાસન ક્રમમાં પ્રથમ ક્રર્મે રહ્યું છે. મહારાષ્ટ્રમાં અત્યારે કોંગ્રેસ રાજય શાસનમાં ભાગીદાર પાર્ટી છે, જે મોટાં રાજયોમાં બીજા ક્રમે રહ્યું છે. તમિલનાડુમાં સત્તાધારી અન્ના ડીએમકે કેન્દ્ર સરકાર સાથે મીઠા સંબંધો ધરાવવા પૂરતું એનડીએ સમર્થક છે. એમાં હાલ ચૂંટણી થાય તો ડીએમકે સત્તા પર આવે એવી તમામ શક્યતાઓ છે. હકીકતમાં સુશાસન એ શાસક પાર્ટી કરતાં ત્યાંની નોકરશાહી સવિશેષ અવલંબે છે. નોકરશાહી પર ચૂંટાયેલી સરકારનો અંકુશ એને જરૂર ખરી કે ખોટી દિશા તરફ વાળી શકે. પશ્ચિમ બંગાળમાં શાસક પક્ષના કાર્યકરો માથાભારે છે. મુખ્યમંત્રી મમતા બેનરજી કેન્દ્ર સામે હરહંમેશ લડાયક મૂડમાં જ જોવા મળે છે. આથી દેખીતી રીતે ત્યાં સુશાસન માટેનું વાતાવરણ જોખમાય. પર્સોનલ વિભાગે એને દસમા ક્રમે મૂક્યું છે. ઓડીશા અને બિહારમાં મુખ્યમંત્રીઓ લોકપ્રિય છે, છતાં નોકરશાહી નબળી હોવાને કારણે એ પાછળ ધકેલાઈ ગયાં છે. ઉત્તરપ્રદેશની હાલત તો એથી પણ બદતર છે. આગામી દિવસોમાં ઝારખંડ ગુમાવ્યા પછી બિહાર ગુમાવવાનો વારો ન આવે એ માટે ભાજપે નીતીશકુમારને પંપાળવાનું શરું કર્યું છે. લાલુ યાદવના જંગલરાજ સામે નીતીશકુમાર 'સુશાસન મુખ્યમંત્રી' તરીકે ઊપસી આવ્યા પછી એ ગમે તેટલા પાર્ટરન બદલે તો પણ બિહારની પ્રજા વિકાસ અને સુશાસનના મુદ્દે એમને જ અગ્રતા ક્રમે મૂકતી રહી છે. તાજેતરમાં ઝારખંડના પરિણામો પછી ખુદ નાયબ મુખ્યમંત્રી અને બિહારના ભાજપના સર્વોચ્ચ નેતાએ નીતીશકુમાર નક્કી કરે એ મુજબનું સીટ-શેરિંગ કબૂલ રાખવાની વાત કરીને ભાજપ કરતાં બિહારમાં જદયૂ અને એના નેતા વધુ મહત્ત્વના હોવાનું સ્વીકારી જદયૂ અને એના નેતા વધુ મહત્ત્વના હોવાનું સ્વીકારી લીધું છે.

તોય શું ?

જામી છે હકડે ઠઠ મહેફિલ, હોઉં તો ય શું ?
વાહ, વાહ દુબારાના દેકારામાં ન્હોઉં તો ય શું ?
માણે સૌ મોજ વેદનાની, મસ્તીથી રોઉં તો ય શું ?
છૂપાવીને ઘાવ હૃદયમાં છાના, હું હસું તો ય શું ?

વિલય છે શબ્દમાં શાંતિનો, રહું મૌન તો ય શું ?
કે ચીખું હૈયાફાટ કોરી આંખે, ને ગાઉં તો ય શું ?
આવ્યો'તો આશા ને ઉમંગ લઈ, ને જાઉં તો ય શું ?
મળવાનું પંચમહાભૂતમાં, રોકાઉં તો ય શું ?

અહીં હૈયાં સમુદ્ર-શિલા જેવાં, પછડાઉં તો ય શું ?
લોખંડી હૃદયો અહીં, પ્રેમથી પંપાળું તો ય શું ?
અનંત આકાશમાં હું એક તારો, હોઉં તો ય શું ?
અગાધ સમુદ્રમાં હું બૂદબૂદ ન્હોઉં તો ય શું ?

- સુરેશ પ્રા. ભટ્ટ

રાજનીતિ કે વચન સમય કી ઝરુરત દેખકર દીયે જાતે હૈ, ઔર ઉસી તરહ સમય કી ઝરુરત દેખકર તોડ દીયે જાતે હૈ

રાજનીતિ કે વચન સમય કી ઝરુરત દેખકર દીયે જાતે હૈ, ઔર ઉસી તરહ સમય કી ઝરુરત દેખકર તોડ દીયે જાતે હૈ - યે ગુલીસ્તા હમારા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૭૨માં આત્મારામના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં દેવાનંદ, શર્મિલા ટાગોર, પ્રાણ, જોની વૉકર, સુજીત કુમાર જેવા ધરખમ અભિનેતા હતા. ફિલ્મની કથા રંજન બોઝએ લખી હતી, અને ફિલ્મના સંવાદ વજાહત મિર્ઝાએ લખ્યા હતા. નાગાલેન્ડની આદિવાસી જનજાતિ અને પૂર્વોત્તર રાજયની જે સ્થાનિક મુશ્કેલીઓ અને ભૌગોલિક પરિસ્થિતિઓને ઉજાગર કરતી આ ફિલ્મ એકંદરે સારી હતી. ફિલ્મનાં એક ગીત 'મેરા નામ આઓ' દ્વારા થોડો વિવાધ જરૂર ઉત્પન્ન થયો હતો, કારણ કે નાગાલેન્ડની એક જનજાતિ 'આઓ' જનજાતિ તરીકે ઓળખાય છે.

આમ તો ફિલ્મનો આ સંવાદ આપણે વર્ષોથી સાંભળતા નહીં પરંતુ ભોગવતા આવ્યા છીએ. અને આ કાલજયી સત્ય માત્ર ૫૦-૫૫ વર્ષ પહેલાનું જ સત્ય નથી, પરંતુ આવો જ એક શ્લોક ૧૨મી સદીમાં કલ્હણ રચિત 'રાજતરંગિણી'માં મળી આવે છે.

ગર્ભાવાસવ્યથાં જાતઃ શરીરી વિસ્મરેદ્યથા ।
પ્રાપ્ત રાજયસ્તથા રાજા નિયતં પૂર્વચિન્તનમ્ ॥

- જે પ્રકારે પ્રાણી ઉત્પન્ન થયા પછી ગર્ભાવસ્થાની વ્યથા ભૂલી જાય છે, તે જ પ્રકારે રાજા રાજ્ય પ્રાપ્ત કર્યા પછી પૂર્વે કરેલા ચિંતન (વાયદા) ભૂલી જાય છે.

સંસ્કૃત ભાષાનો જ નહીં ભારત માત્રનો સુંદર અને પ્રમાણિત ઈતિહાસ ગ્રંથ એટલે 'રાજતરંગિણી'. કાશ્મીરી કવિ, અને રાજા હર્ષના દરબારી કવિ ચંપકના પુત્ર કલ્હણે 'રાજતરંગિણી' નામક સુંદર ગ્રંથની રચના કરી, તેમા આ શ્લોક આવે છે.

થોડા સમય પહેલા કાશ્મીરના સંસ્કૃત કવિઓ વિશે વિસ્તૃત લેખ લખ્યો હતો. આમ, કાશ્મીર પ્રદેશ એ સંસ્કૃત કાવ્ય સાહિત્ય અને સંસ્કૃત કવિઓની પરંપરાને સાચવીને બેઠેલો પ્રદેશ છે.

બાકી રાજનેતાઓ રાજકારણીઓ અત્યારના હોય કે આજથી ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાની હોય, કરેલા વાયદાઓ અને દીધેલાં વચનો ભૂલી જવા એ જ તેમનો સ્વભાવ રહ્યો છે, અને આપણે વર્ષોથી આ અન્યાય સહન કરવા આવ્યા છીએ.

- jayuoza@gmail.com, Mo.9898046488

મોરારીબાપુની રામકથામાં યુવા કવિઓનો દબદબો

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દરેક કાળે અનેક સંદર્ભમાં એવી લાગણી ઘણાં લોકોને થયા કરે છે કે પહેલા હતી તેવી અનેક બાબતો આજે જોવા મળતી નથી. તેનો સતત વસવસો વાતચીતમાં પડઘાતો રહે છે. વડીલો મળે છે ત્યારે સામાન્ય રીતે વાતચીતનો એક સ્વાભાવિક દોર વહ્યા કરે છે. વડીલોની વાતચીતમાં મોટાભાગે પોતાના પછીની પેઢીના બાળકોના આહાર – વિહાર કે વર્તન અંગે સ્પષ્ટ કે ઘણીવાર છૂપો અણગમો ડોકાયા કરે છે. નિવૃત્ત સરકારી અમલદારો મળે ત્યારે પણ વાતચીતનો એક સામાન્ય વિષય રહે છે. તેઓ વખતોવખત એવું કહેતા સંભળાય છે કે તેઓ જ્યારે નોકરીમાં હતા ત્યારે સામાન્ય અરજદારો તરફ તેમનું વલણ કે વર્તન વધારે ઉષ્મા ભરેલું કે વિવેકી રહેતું હતું. વયસ્ક સર્જકો – સાહિત્યકારો કે કલાકારો પાસેથી પણ કેટલીકવાર આવીજ વાતો સાંભળવા મળે છે. તેઓ કહેતા હોય છે કે આજકાલના કવિઓ કે લેખકોની રચનાઓ કે સર્જનમાં ઊંડાણનો અભાવ દેખાયા કરે છે.

ઉપર જણાવી છે તેવી વાતો સર્વ પ્રકારે અપ્રસ્તુત હોય તેમ કહેવું તો ઉચિત નહિ ગણાય. તેમાં સત્યનો અંશ હોઈ શકે છે પરંતુ તે પૂર્ણ સત્ય પણ નથી. કદાચ માનવીની પ્રકૃતિ એવી હશે કે તેને પોતાનું આત્મગૌરવ કરવાની લાલચ રહેતી હશે. તેમાં અપવાદરૂપ લોકો પણ હોય છે પરંતુ બીજાની લીટી નાની કરીને પોતાનું ગૌરવ વધારવાની આ પધ્ધતિ અતાર્કીક છે. મહદ અંશે સાચી પણ નથી. પહેલાની સ્થિતિ કરતાં ઘણી બાબતોમાં આજે સુધારો કે ઉપયોગી થાય તેવા પરિવર્તનનો થયા છે. આરોગ્ય ક્ષેત્રની વાત કરીએ તો પહેલાના સમયમાં આંખના મોતીયાનું ઓપરેશન પણ ભયજનક લાગતું હતું અને ઓપરેશન પછી પણ દિવસો સુધી દર્દી પોતાની સામાન્ય કામગીરી કરી શકતા ન હતા. આજે 'ફેકો' પધ્ધતિથી ઓપરેશન તથા પોસ્ટ ઓપરેશનના મોટાભાગના પ્રશ્નો ઉકેલાયા છે તથા સરળ બન્યા છે. કેન્સર જેવા ભયાવહ દર્દનું પણ સમયસર નિદાન થાય તો દર્દી સ્વસ્થ બનીને લાંબુ આયુષ્ય ભોગવી શકે છે. તબીબી સંશોધનોના પ્રતાપે સરેરાશ આયુ મર્યાદામાં પણ પ્રભાવક વધારો જોવા મળે છે. આથી દરેક પ્રકારે પહેલાનો સમયજ બરાબર હતો તેવું વિધાન પૂર્ણ સત્ય તરફ દોરી જતું નથી. એજ રીતે આધુનિક સમય અગાઉની સ્થિતિના સંદર્ભે શ્રેષ્ઠ છે તેવું વિધાન પણ કદાચ ઉતાવળિયું ગણાશે. દરેક મનુષ્યની જેમ દરેક સમયકાળના પણ સારા કે નબળા તત્વો હોય છે. આથીજ ગાંધીજીમાં વિનોબાજીને પ્રાચીન પરંપરાનું ફળ તથા નૂતન યુગના બીજના દર્શન થતા હતા.

સતત પરિવર્તન પામતા સમય તથા કાળના સંદર્ભમાં ગુજરાતી સાહિત્ય તેમજ મુખ્યત્વે આપણી માતૃભાષામાં લખતા ગુજરાતી સર્જકોની સ્થિતિનો સારો એવો અણસાર હમણાંજ યોજાઈ ગયેલા એક મંગળ પ્રસંગમાં થયો. આ મંગળ અને કદાચ અદ્વિતિય કહી શકાય તેવો પ્રસંગ ગઈ દિવાળી બાદ નવા વર્ષમાં (નવેમ્બર-૨૦૧૯) થયો. આ મંગળ તેમજ સુવિખ્યાત પ્રસંગ પૂજ્ય મોરારીબાપુની ઉત્તરકાશીની રામકથાનો હતો. દેશના તેમજ વિદેશના અનેક ભાવકોએ મોરારીબાપુની પાવક રામકથાનો આ પ્રસંગ પ્રત્યક્ષ તેમજ લાઈવ ટેલીકાસ્ટ દ્વારા અપ્રત્યક્ષ રીતે આદર તેમજ શ્રધ્ધાના ભાવથી માણ્યો. બાપુની આ રામકથામાં ગુજરાત તેમજ કેટલાક અન્ય રાજયોના લેખકોએ તેમજ કવિઓ બાપુના સ્નેહ નિમંત્રણથી ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. લગભગ ૨૫૦ જેટલા સર્જકોએ નવ દિવસીય રામકથામાં હાજર રહીને સમય તેમજ વ્યવસ્થાની અનુકૂળતા પ્રમાણે પોતાની કૃતિ રજૂ કરી હતી. દરેક કવિને સાંભળીને તેમને પ્રોત્સાહિત કરવાનો બાપુનો આગ્રહ એ સમગ્ર આયોજનમાં કેન્દ્રસ્થાને હતું. બાપુની ઈચ્છા પ્રમાણેનું સુચારું આયોજન જહેમત અને કાળજીપૂર્વક હરિશ્ચન્દભાઈ જોશીએ કર્યું હતું. જે સર્જકો આ રામકથામાં જોડાયા હતા તેમાંના મોટાભાગના સર્જકો યુવાન વયના હતા. આ બાબત ખૂબજ નોંધપાત્ર છે. આ દરેક યુવા કવિની રચનામાં વધતા ઓછા અંશે એક પ્રકારની ચમત્કૃતિ હતી. યુવા સર્જકોનો આત્મવિશ્વાસ પણ આપણાં સાહિત્યની ઉજળી આવતીકાલનો અણસાર આપતી હતી. જે નવયુવાન કવિઓને આજની વ્યવસ્થામાં મંચ સહેજે ઉપલબ્ધ ન થાય તેવા તરવરીયા કવિઓને પોતાની કળા છૂટથી પ્રસ્તુત કરવા માટેની તક તથા પ્રોત્સાહન આપવાનો બાપુનો પ્રયાસ વંદન કરવાને પાત્ર છે. આ ઉપરાંત જે સર્જકો ઘણાં વર્ષોથી કાવ્ય સર્જન કરે છે અને પોતાની કવિત્વ શક્તિથી સુવિખ્યાત થયા છે તેવા વરિષ્ઠ સર્જકો સાથે પણ મુક્ત સંવાદનો લાભ યુવા સર્જકોને ઉત્તરકાશીમાં મળ્યો હતો. એક રીતે વ્યાસપીઠની પાવન નિશ્રામાં યોજાયેલો કવિઓ માટેનો આ એક વર્કશોપ પણ હતો તેમ કહીએ તો અનુચિત નહિ ગણાય. કવિઓની પ્રસન્નતા થકી પ્રસંગ વિશેષ અર્થસભર બન્યો હતો. ગુજરાતી કે કોઈપણ પ્રાદેશિક ભાષાનું ભાવિ તે ભાષાના સર્જકો તેમજ મર્મીભાવકો પર રહે તે સ્વાભાવિક છે. ઉત્તરકાશીની રામકથામાં અનેક યુવા સર્જકોને સાંભળતા એમ લાગે છે કે ગુજરાતી ભાષા કે સાહિત્યનું ભવિષ્ય ઉજવળ છે. પ્રશ્નો તથા સમસ્યાઓ તો છેજ. પરંતુ તદ્દન નિરાશ થવું પડે તેવી સ્થિતિ નથી. ઈન્ટરનેટના બળવાન તથા અસરકારક માધ્યમથી વિશેષ કરીને વિશાળ યુવાનવર્ગ સુધી પહોંચવાની તક તથા પડકાર આપણા આ યુવા સર્જકો સામે ઊભી છે. આપણી ભાષાના જે વરિષ્ઠ સર્જકો છે તેમના માર્ગદર્શન તથા પ્રોત્સાહનથી આ કાર્ય વિશેષ સરળ બની શકે છે. ગુજરાતી વાણીના વકીલ 'દલપતરામ' ઉત્તરકાશીમાં થયો તે પ્રયાસથી પ્રસન્ન થયા હશે.

રવિવારે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' કાર્યશાળા

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત

- **માતૃભાષા પ્રેમીઓના પ્રાણસમી ગુજરાતી ભાષાના સત્ત્વને તથા તત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ગૌરવને અખંડિત રાખવા અને ભાષાશાસ્ત્રની સમજૂતિના વ્યાપ સારુ તથા વ્યક્તિ વિકાસને ખીલવવા માટે અને માતૃભાષાની ફોરમને પ્રસરાવવા માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળા અંતર્ગત ગીરામી કાર્યશાળા તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૯ને રવિવારના રોજ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડ, સેક્ટર-૨૦ ખાતે, બપોરના ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન યોજાશે, જેમાં એક આજીવન આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી અને ઉત્તમ પ્રશિક્ષક એવા જેઠાભાઈ પટેલ 'નામ, સર્વનામ અને વિશેષણ' નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીમાં શિખવશે. આ કાર્યશાળામાં પધારવા, સંયોજક સંજય પંડ્યા દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઈચ્છુકે, ઉત્તમ વ્યવસ્થા થઈ શકે તે માટે સંયોજકના મો. નં. ૯૮૨૫૭૦૯૭૭૮ પર જાણ કરવાની રહેશે.**

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ગાંધીજી જેલમાં દસ કલાક શરીરશ્રમ કેમ કરતા?

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આમ જનતા સાથે તાદાત્મય સાધવા ગાંધી બાપુ ખેડૂત જીવન જીવતા હતા

દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા પછી આઝાદીના લડવૈયા મહાત્મા ગાંધીને પહેલવહેલીવાર જેલની સજા થઈ હતી. એ જેલવાસ દરમિયાન તેમણે દેશના ખેડૂતોની જેમ સવારે વહેલા ચાર વાગે ઊઠીને દિવસ ભર કામ કરતા હતા. આમ જનતા પરિશ્રમ કરીને પરસેવાનો રોટલો ખાય છે એની સાથે પોતાનું તાદાત્મય સાધવા બાપુએ પ્રમાણેનું જીવન શરૂ કર્યું હતું. વહેલી સવારે ચાર વાગે ઉઠતા અને ચાર કલાક રેંટિયો કાંતવાનું, બે કલાક પીંજવાનું અને છ કલાક શ્રમ કાર્ય કરતા હતા. આમ કુલ દસ કલાક માત્રને માત્ર શરીરશ્રમ જ કરતા હતા.

જેલમાં તેમના સાથી શંકરલાલ બેન્કર હતા. તેમણે તો બાપુની દિનચર્યાનું સમયપત્રક જ બનાવી આપ્યું હતું. જો કે શંકરલાલને જેલમાંથી છૂટવાનું બાપુ કરતાં વહેલું થયું ત્યારે તેમને બાપુએ જેલ સહવાસ દરમિયાન એક તદ્દન નવું જીવન આપ્યું હતું એ વાત ગદ્‌ગદભાવે કરી હતી.

એ સાંભળી બાપુ કહે : અહીંના મારી સાથેના જીવવની તમને લાભ થયો છે એમ લાગે તો બહાર જાઓ ત્યારે અહીંના આ જીવન વિશે લોકોને વાત કરજો.

'જરૂર, એ વિશે તો સહુને વાત કરીશ જ. એથી એમને લાભ પણ થશે એમ માનું છું.'

ત્યાં ગાંધીજીએ તરત પ્રશ્ન કર્યો : એ વાત સાંભળી લોકો શું કહેશે તે જાણો છો ને?

'એનો વિચાર મેં કર્યો નથી.'

મનુષ્ય - સ્વભાવને, મનુષ્યની કમજોરીઓએ બાપુ બરોબર ઓળખે. મહાજનોને અનુસરવા કરતાં માન આપીને અભરાઈએ ચડાવી દેવામાં મનુષ્ય પાવરધો છે. બાપુએ કહ્યું : જુઓ, હું કહું. લોક તો કહેશે કે એ તો મહાત્મા રહ્યા. એવું જીવન તેઓ જીવી શકે. અમારાથી થોડું એવું કંઈ થઈ શકે?

શંકરલાલભાઈના મનમાં એ વાત ઊતરી : ખરું છે.લોકોને એમ લાગે ને એમ જ કહે.

બાપુ : તો તમે એ વિશે એમને શું કહેશો ?

શંકરલાલભાઈ : એ બાબતનો મેં કશો જ વિચાર કર્યો નથી. એટલે હું શું કહું ?

બાપુએ તેમને કહ્યું : કોઈ તમને એમ કહે તો કહેજો કે હું કાંઈ પહેલેથી મહાત્મા જન્મ્યો નહોતો. મારામાં પણ અનેક દોષો હતા અને તે દૂર કરવા કાળજીપૂર્વક સતત પ્રયત્ન કરતો રહ્યો. વાણિયો જેમ અડધી અડધી એકઠી કરી શાહુકાર બને તેમ સદ્‌ગુણો કેળવતો ગયો અને આજે સ્થિતિ એવી થઈ છે કે લોકો મને મહાત્મા કહે છે, જો કે એનાથી હું હજીયે ઘણો દૂર છે. એટલે સર્વે માણસો માટે એ ધોરી માર્ગ છે ને દરેક જણ વિચાર કરીને શ્રદ્ધાપૂર્વક દૃઢતાથી એ દિશામાં પ્રયત્ન કરે તો જરૂર આગળ વધી શકે. ગાંધીની કેળવણીથી શંકરલાલ કેવા ઘડાયા હતા એનું એક દૃષ્ટાંત જોવા જેવું છે :

યરવડા જેલમાં ગાંધીજીનાં કપડાં એમના સાથી શંકરલાલ ધોતા. એક દિવસ ગાંધીજીએ ધીરેથી એમને કહ્યું : તમે કપડાં ધોવાનું રહેવાદો. હું ધોઈ લઈશ.

ધોવામાં કંઈ ઊણપ રહે છે કે શું એ અંગે શંકરલાલભાઈએ પૂછ્યું.

ગાંધીજીએ સંતોષથી કહ્યું : કપડાં તો બરોબર ધોવાય છે, પણ મને લાગે છે કે સાબુ કાંઈક વધારે પડતો વપરાઈ જાય છે. હું બમણાં દિવસ એટલો સાબું ચલાવું.

શંકરલાલભાઈએ કહ્યું : હવે કરકસરથી વાપરીશ. એમને એમ કે સાબુ ભલે થોડો વપરાય પણ કપડાં બરોબર ઊજળા થવા જોઈએ. હવે કરકસરની દૃષ્ટિએ પામ્યા.

કરકસરની દૃષ્ટિ પાછળ કલ્પનાશક્તિ કામ કરતી હોય છે. ત્રેવટ એટલે જ અગાઉથી વિચાર કરવો તે, ગાંધી વિચાર છે.